
GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

Make Safety Your Top Priority

Application for KSB Make Fire Fighting Pumps
□ Industries & Factories
□ Commercial & Residential Buildings
□ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ અગિયારસ ગુરુવાર ૨૫ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# મુંબઈમાં 11 ઈંચ વરસાદથી જનજીવન ખોરવાયું





**મુંબઈના** કેટલાક વિસ્તારોમાં 300 એમએમથી વધુ વરસાદ નોંધાયો

**માત્ર** એક જ દિવસમાં જૂન મહિનાનો અડધો વરસાદ ખાબક્યો

**નીચાણવાળા** વિસ્તારો પાણીમાં ગરકાવ થયા, લોકલ ટ્રેન અને બસ વ્યવહાર ખોરવાયો

**હવામાન** વિભાગ દ્વારા મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જાહેર

**મેયર** રીતુ તાવડેની હાજરીમાં જ BMCના એક સુપરવાઈઝર ખુલ્લી ગટરમાં પડી ગયા

**મુંબઈ, તા. 24 (PTI):** મુંબઈમાં ચોમાસાના આગમનના બીજા જ દિવસે રાતભર પડેલા ભારે વરસાદને કારણે બુધવારે માર્ગ અને રેલ વ્યવહાર ખોરવાયો હતો, જેના લીધે નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને મુસાફરો અટવાઈ ગયા હતા.

મુંબઈના કેટલાક વિસ્તારોમાં 24 કલાકમાં 300 એમએમથી વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરીને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

મુંબઈ મહાનગરપાલિકા અનુસાર, કોલાબા વેધશાળામાં 248 એમએમ અને સાંતાક્રુઝમાં 225 એમએમ વરસાદ નોંધાયો હતો, જે જૂન મહિનાના કુલ સરેરાશ વરસાદના 42થી 45 ટકા જેટલો છે. પશ્ચિમી ઉપનગરોના માલવાણીમાં 340 એમએમ અને મધ્ય મુંબઈના પરેલમાં 334 એમએમ જેટલો અસાધારણ વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે સવારના સમયે અંધેરી સબવે, હિંદમાતા અને કિંગ્સ સર્કલ જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ટ્રાફિક જામ થયો હતો અને બેસ્ટની 24થી વધુ બસના રૂટ ડાયવર્ટ કરવા પડ્યા હતા.

બીજી તરફ, મુંબઈના પડોશી જિલ્લાઓ જેવા કે થાણે અને પાલઘર માટે પણ હવામાન વિભાગે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. વરસાદની તીવ્રતા સવાર પછી ઓછી થઈ હતી અને સવારે 8થી બપોરે 2 વાગ્યા સુધીમાં મુખ્ય શહેરમાં 13 એમએમ, પૂર્વીય ઉપનગરોમાં 6 એમએમ અને પશ્ચિમી ઉપનગરોમાં 7 એમએમ વરસાદ નોંધાયો હતો.

વરસાદના કારણે સેન્ટ્રલ રેલવેની ટ્રાન્સ-હાર્બર લાઇન પર તુર્ભે અને કોપરખૈરાણે સ્ટેશનો વચ્ચે ટ્રેક નીચેની માટી ધસી પડી હતી, જેના લીધે થાણે અને વાશી/પનવેલ

...અનુસંધાન પાના 11 પર

## થાણે અને પાલઘરમાં ભારે વરસાદ અને ભૂસ્ખલન

**થાણે, તા. 24 (PTI):** મહારાષ્ટ્રના થાણે અને પાલઘર જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે રમણીય માલશેજ ઘાટ પર ભેખડ ધસી પડવાની ઘટના બની છે અને વૃક્ષો પડવાની ડઝનબંધ ફરિયાદો મળી હોવાનું અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. થાણે અને પુણે જિલ્લાને જોડતા મહત્વના માલશેજ ઘાટ માર્ગ પર મંગળવારે સાંજે 6 વાગ્યાથી 7 વાગ્યાની વચ્ચે એક નાની ભેખડ ધસી પડી હતી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તાધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના ઘાટના વોંશ પોઇન્ટ અને અમ્બ્રેલા પોઇન્ટ વચ્ચે બની હતી. ઘટનાસ્થળે તાત્કાલિક જેસીબી મશીનો તૈનાત કરીને કાટમાળ ઝડપથી હટાવી દેવાયો હતો, જેથી ઘાટ વિભાગમાં વાહનવ્યવહાર કોઈ પણ જાનહાનિ વિના સરળતાથી ચાલુ રહ્યો હતો. થાણેમાં છેલ્લા 24 કલાકમાં આપત્તિ વ્યવસ્થાપન

...અનુસંધાન પાના 11 પર

## વિરોધ પક્ષોના ભાજપ પર આકરા પ્રહારો

શિવસેના (UBT) ના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરેએ મેયર રીતુ તાવડે પર કટાક્ષ કરતાં કહ્યું કે, 'વર્તમાન મેયર પણ ભાજપના છે પરંતુ તેમને મુંબઈમાં શું થઈ રહ્યું છે તેની ખબર નથી, તેઓ બાંગ્લાદેશમાં શું ચાલી રહ્યું છે તેની ચિંતામાં વધુ વ્યસ્ત છે.' કોંગ્રેસ સાંસદ વર્ષા ગાયકવાડે ખુલ્લી ગટરમાં સુપરવાઈઝરના પડવાનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરીને મેયરને નિશાન બનાતા કહ્યું કે, 'આ માણસ તમારી નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના ખાડામાં પડ્યો છે. આ કોઈ અકસ્માત નથી, તમારો ભ્રષ્ટાચાર રંગેહાથ પકડાયો છે.' જ્યારે શિવસેનાના ધારાસભ્ય મનીષા કાયંદેએ મેયર રીતુ તાવડેને ગટરની સફાઈ વધુ તેજ કરાવવા વિનંતી કરી હતી જેથી પાણીનો નિકાલ ઝડપથી થઈ શકે.





## અરુણાચલમાં ઘોડાપૂર અને ભૂસ્ખલનથી તબાહી

**18 રહેણાક** મકાનોને નુકસાન થયું, 4 વ્યક્તિઓ ગુમ 17 ઈજાગ્રસ્ત થયા

**કુલ 6** જિલ્લાઓ રાજ્યના અન્ય ભાગોથી સંપર્કવિહોણા બન્યા

**બચાવ** કામગીરી માટે ભારતીય હવાઈ દળના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી

**ઈટાનગર, તા. 24 (PTI).** અરુણાચલ પ્રદેશના કેયી પાન્યોર જિલ્લામાં બુધવારે સવારે સતત પડેલા વરસાદને કારણે અચાનક પૂર આવ્યું હતું, જેના લીધે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા અને 1 વ્યક્તિનું મોત નીપજ્યું હતું જ્યારે 4 લોકો ગુમ થયા હતા સાથે જ 17 લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી 3ની હાલત ગંભીર છે. પૂરના કારણે 18 રહેણાક મકાનોને નુકસાન થયું હતું, જ્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભૂસ્ખલનને કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને કેટલાક લોકો ફસાયા હતા. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન યાઝાલી ખાતે આવેલી એક શાળાના શિક્ષિકા નિર્મલા ગુપ્તાનો (35) નો મૃતદેહ મળી આવ્યો હતો.

રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સચિવ દાની સુલુએ જણાવ્યું હતું કે, યાઝાલી સર્કલ હેઠળ પુસા નજીક આવેલા નીપકો પ્રોજેક્ટ કોલોની ખાતે અચાનક આવેલા પૂરના કારણે 4 લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

સુલુએ જણાવ્યું કે, ભારે વરસાદને કારણે એક નિર્માણાધીન પ્રોટેક્શન દીવાલ તૂટી પડી હતી અને કોલોની તથા તેની આસપાસના નીચાણવાળા રહેણાક વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયાં હતાં.

કેયી પાન્યોરના પોલીસ અધિક્ષક અંગદ મહેતાના જણાવ્યા અનુસાર, ભારે વરસાદને કારણે કેયી

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### આઇએએસ અધિકારીઓનો જ્ઞાન-આદાનપ્રદાન વાર્તાલાપ

ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલી મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સૂચન પર અમલ કરતાં કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે "પ્રેરણાત્મક અને જ્ઞાન-આદાનપ્રદાન વાર્તાલાપ" માટે વરિષ્ઠ તેમ જ યુવાન આઇએએસ અધિકારીઓના એક જૂથને નામાંકિત કરવા જણાવ્યું છે. આ બેઠક ચાલુ વર્ષના અંતમાં ૩૧ ઓક્ટોબરના રોજ યોજાવાની છે. યુવા અધિકારીઓને માર્ગદર્શન આપવાના હેતુથી વરિષ્ઠ અધિકારીઓ તેમની સાથે આખો દિવસ વિતાવશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્ફોર્મન્સ એન્ડ ટ્રેનિંગ (ડીઓપીટી)એ તમામ રાજ્ય સરકારોને આ પ્રસ્તાવિત મુલાકાત માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા જણાવ્યું છે, જે ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ સાથે સુસંગત છે. દિલ્હીની વર્તમાન શાસક સરકાર અને અલગ-અલગ રાજ્યોમાં તેની સહયોગી પાંખો નાની-નાની ઘટનાઓને પણ ઉત્સવ કે મોટા કાર્યક્રમની જેમ ઉજવવા માટે આતુર દેખાય

...અનુસંધાન પાના 11 પર

## કોલકાતામાં નિર્માણાધીન ત્રણ માળનું વેરહાઉસ ધસી પડતાં 4 મજૂરોનાં મોત

**17 લોકોને** હોસ્પિટલમાં દાખલ કરાયા, હજુ પણ 18 લોકો કાટમાળ નીચે ફસાયાની આશંકા

**સેના અને** એનડીઆરએફ દ્વારા સ્નિફર ડોગ્સ અને ડ્રોનની મદદથી બચાવ કામગીરી શરૂ

**મુખ્યમંત્રી** સુવેન્દુ અધિકારીએ લીધી ઘટનાસ્થળની મુલાકાત

**કોલકાતા, તા. 24 (PTI):** પશ્ચિમ બંગાળના પશ્ચિમ કોલકાતાના તારાતલા વિસ્તારમાં બુધવારે બપોરે એક ત્રણ માળનું નિર્માણાધીન વેરહાઉસ ધસી પડતાં 4 લોકોનાં મોત થયાં છે અને 17 અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કાટમાળ નીચે હજુ પણ અનેક લોકો ફસાયેલા હોવાની આશંકા છે.

આ અકસ્માત ટ્રાન્સપોર્ટ ડેપો રોડ પર બ્રેસ બ્રિજ પાસે બપોરે 12 વાગ્યાની આસપાસ થયો હતો, જ્યારે વેરહાઉસની છત પર સ્લેબ ભરવાનું કામ ચાલી રહ્યું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગ્રાઉન્ડ ફ્લોર પર બાંધકામ ચાલુ હતું અને પહેલા તથા બીજા માળનું આરસીસી માળખું તૈયાર થઈ ચૂક્યું હતું, જે અચાનક તૂટી પડ્યું હતું.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે આશરે 18 લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે.

અત્યાર સુધીમાં 21 લોકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી 4 લોકોનાં મોત નીપજ્યા છે. તમામ ઈજાગ્રસ્તોને સરકારી એસએસકેએમ હોસ્પિટલના ટ્રોમા કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં ન્યુરોલોજિસ્ટ અને ઓર્થોપેડિક્સ સહિતના ડોક્ટરોની ટીમ તેમની સારવાર કરી રહી છે. કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે સૈન્ય, એનડીઆરએફ, એસડીઆરએફ અને કોલકાતા પોલીસની ટીમો યુદ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહી છે.

ભારે લોખંડના બીમ અને કોંક્રિટ હટાવવા માટે ક્રેન, ગેસ કટર અને વર્ટિકલ ડ્રિલિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાટમાળ નીચે દબાયેલા લોકોને શોધવા માટે એનડીઆરએફ દ્વારા સ્નિફર ડોગ્સ અને ડ્રોન તૈનાત કરાયા છે.

...અનુસંધાન પાના 11 પર

## ભારત અને અમેરિકા વેપાર કરાર અંગે સસ્પેન્સ યથાવત્

**પીયુષ** ગોયલ અને યુએસ પ્રતિનિધિ જેમીસન ગ્રીર વચ્ચે ડિજિટલ વેપાર અને બજારમાં પ્રવેશ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ

**તમામ** મતભેદો ઉકેલાયા છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટ સંકેત નથી

**નવી દિલ્હી, તા. 24 (PTI):** ભારત અને અમેરિકા વચ્ચે બે દિવસીય મંત્રી સ્તરીય બેઠક દરમિયાન વચગાળાના દ્વિપક્ષીય વેપાર કરારની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં બજારમાં પ્રવેશ, ડિજિટલ વેપાર અને બિન-ટેરિફ અવરોધો જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આગામી મહિને ટેરિફની અંતિમ સમયસીમા નજીક આવી રહી હોવા છતાં, તમામ મતભેદો ઉકેલાયા છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા નથી.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલ અને મુલાકાતે આવેલા યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે સૂચિત દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. વાણિજ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે બંને મંત્રીઓએ સંતુલિત અને વ્યાપારી રીતે અર્થપૂર્ણ કરાર કરવા માટેની પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી છે.

ગ્રીરે પત્રકારોને જણાવ્યું હતું કે, ભારતનો કૃષિ અને ઉત્પાદન ક્ષેત્રે લાંબો ઈતિહાસ રહ્યો છે અને હવે તેઓ ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં આગળ વધવા માગે છે અને ભવિષ્યની ટેકનોલોજી તથા ભવિષ્યના વેપાર અંગે અમેરિકા સાથે સહયોગ કરવા ઈચ્છે છે. ગ્રીરે વધુમાં ઉમેર્યું હતું કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ખૂબ જ અદ્ભુત સંબંધો છે જે તેમણે ઘણા વર્ષોમાં વિકસાવ્યા છે.

ગ્રીરની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે આગામી 24 જુલાઈએ અમેરિકાના કામચલાઉ 10 ટકા ટેરિફની મુદત પૂરી થઈ રહી છે, જેના કારણે આ વાટાઘાટો વધુ મહત્વની બની ગઈ છે. અગાઉ ફેબ્રુઆરીના માળખા હેઠળ, અમેરિકા ભારતીય માલસામાન પરના ટેરિફ 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરવા સંમત થયું હતું. પરંતુ બાદમાં અમેરિકાની ટેરિફ નીતિમાં ફેરફાર અને યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી તમામ દેશો પર 150 દિવસ માટે 10 ટકા કામચલાઉ ટેરિફ લાદવામાં આવ્યો હતો. આ નવી સ્થિતિને કારણે બંને દેશોએ આ કરાર પર ફરીથી વિચાર કરવો પડ્યો છે. ભારત આ કરાર હેઠળ અમેરિકાના ઔદ્યોગિક માલસામાન અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવા તૈયાર છે, જ્યારે આગામી પાંચ વર્ષમાં અમેરિકા પાસેથી 500 બિલિયન ડોલરના ઉર્જા ઉત્પાદનો, વિમાનો અને ટેકનોલોજી ખરીદવાની ઈચ્છા ધરાવે છે. વર્ષ 2025-26માં અમેરિકા ભારતનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર રહ્યું છે.

## બેંગલુરુ મેટ્રો ઠપ થતાં લોકો ટ્રકોમાં સવાર થયા!

**પીક** અવર્સમાં ટ્રેન ખોરવાતાં સિલ્ક બોર્ડ અને આઉટર રિંગ રોડ પર ટ્રાફિક જામ; કેબ અને ઓટો માટે કતારો લાગી



**બેંગલુરુ, તા. 24.** બેંગલુરુ મેટ્રોની પર્પલ લાઇન પર ટેક્નિકલ ખામી સર્જાયા બાદ ઘણા મુસાફરો ઘર સુધી પહોંચવા માટે ટ્રકોનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. મંગળવારે સાંજે સોશિયલ મીડિયા પર આવા ઘણા વીડિયો વાયરલ થયા હતા. મુસાફરો ટ્રક, કેબ અને ઓટો દ્વારા ઘરે પહોંચ્યા હતા. મેટ્રો અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્યુબન પાર્ક મેટ્રો સ્ટેશન પર પર્પલ લાઇનની એક ટ્રેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે સમગ્ર પર્પલ લાઇનને બંધ કરવી પડી હતી. પીક અવર્સ દરમિયાન મેટ્રો બંધ થવાને કારણે સ્ટેશનો પર મુસાફરોની લાંબી કતારો લાગી ગઈ હતી. આ કારણે હજારો મુસાફરો સ્ટેશન પર ફસાઈ ગયા હતા. મેટ્રો 5 કલાક બંધ રહી હતી. બુધવારે સવારે 5 વાગ્યે શરૂ થઈ. બેંગલુરુના ટેક પ્રોફેશનલ્સ માટે પર્પલ લાઇન મેટ્રોની સૌથી મહત્ત્વની લાઇન છે. બેંગલુરુમાં આશરે 25 લાખ આઈટી પ્રોફેશનલ્સ કામ કરે છે, જે શહેરની કુલ વસ્તીના લગભગ 20% છે. આ વિશાળ વર્કફોર્સ માટે સિલ્ક બોર્ડ

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશ ચીન પાસેથી ખરીદશે 23 અત્યાધુનિક J-10CE ફાઈટર જેટ

**2.2 બિલિયન** ડોલરના સંરક્ષણ સોદાથી બાંગ્લાદેશ વાયુસેનાની તાકાત વધશે, પૂર્વ સરહદે ચીનનો પ્રભાવ વધતાં ભારતની વ્યૂહાત્મક ચિંતાઓમાં થઈ શકે છે વધારો



**નવી દિલ્હી, તા. 24:** બાંગ્લાદેશ તેના સૌથી મહત્વાકાંક્ષી સૈન્ય આધુનિકીકરણ કાર્યક્રમ 'ફોર્સિસ ગોલ 2030' હેઠળ ચીન પાસેથી 24 જે-10સીઈ ફાઈટર જેટ ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, તારિક રહેમાનના નેતૃત્વવાળી વર્તમાન સરકાર વડા પ્રધાનની આ સપ્તાહની ચીન મુલાકાત દરમિયાન આ યોજનાને

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૪-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૮° સે. | ૨૯.૬° સે. | ૩૪% |